આફ્ટર કેર યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાતસરકાર,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંકઃ FileNo.- **SJED/MIS/e-file/17/2024/0759/CHH Section**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ /૦૮/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:- જજઅ/ ૧૦૨૦૧૯/૨૮૩૦૪૩/છ, તા..૧૭/૦૯/૨૦૧૯.

(૨) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નવી દિલ્હીનો તા.૦૫/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક D.O.No. CW-II-22/6/2022-CW-II (e-99580) તથા તે પત્ર સાથેની મિશન વાત્સલ્ય યોજનાની નવી માર્ગદર્શિકા.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીના પત્ર ક્ર.GSCPS/CNCP/e-file/401/2023/0172/Child protection, તા.૨૪/૦૬/૨૦૨૪.

**આમુખ:-**

ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) નું અમલીકરણ ગુજરાતમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવતુ હતુ, આ જ યોજનાની અદ્યતન માર્ગદર્શિકા સંદર્ભ (૨) થી મિશન વાત્સલ્ય યોજનાના નામકરણ સાથે તા.૦૫/૦૭/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ થતા સંદર્ભ (૧) ના આફ્ટર કેર યોજનાના ઠરાવમાં સંદર્ભ (૩) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીની દરખાસ્ત અન્વયે સુધારા ઠરાવ બહાર પાઠવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

સંદર્ભ (૧) ના આફ્ટર કેર યોજનાના ઠરાવમાં " ભારત સરકારની ગાઈડલાઈનની જોગવાઇ મુજબ આફ્ટર કેર યોજનામાં ભારત સરકારના ૬૦% લેખે રૂ.૧૨૦૦/- અને રાજ્ય સરકારના ૪૦% લેખે રૂ.૮૦૦/- એમ કુલ મળી રૂ.૨,૦૦૦/-ની સહાય મળે છે. આ રૂ.૨૦૦૦/- ની સહાયમાં રાજ્ય સરકારના ૧૦૦% લેખે વધારાના રૂ.૪,૦૦૦/- ઉમેરી એક બાળક દીઠ પ્રતિ માસ કુલ રૂ.૬૦૦૦/- ' **ના સ્થાને** ' મિશન વાત્સલ્ય યોજના ૨૦૨૨ અનુસાર આફ્ટર કેર યોજનામાં ભારત સરકારના ૬૦% લેખે રૂ.૨૪૦૦/- અને રાજ્ય સરકારના ૪૦% લેખે રૂ.૧૬૦૦/- લેખે કુલ રૂ.૪,૦૦૦/- સહાય મળે છે. આ રૂ.૪,૦૦૦/- ની સહાયમાં રાજ્ય સરકારના ૫૦% લેખે વધારના ૨,૦૦૦/- ઉમેરી બાળક દીઠ પ્રતિ માસ કુલ.૬૦૦૦/- ' વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવની અન્ય શરતો અને વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Aug-2024 (12:51 PM)

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી,

સામાજિ કન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- મહાલેખાકારશ્રી, ગુજરાત. અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ - વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.

સિલેક્ટ ફાઈલ.